હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ગુરુજી મને એટલું જ કહો કે ભીનો કચરો અને સુકો કચરો કોને કહેવાય અને તેને કેવી રીતે અલગ કરાય...!!

પાવન પર્યુષણ આઠમો દિવસ

રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ

સંવત્સરનું મૂલ્ય અમૂલ્ય છે

આજની વ્યાપારી માનસિકતા ધરાવતી જનતા કોઈપણ વસ્તુનું મૂલ્ય વિચારે છે અને પૂછે છે, જૈન પર્વ સંવત્સરી સંદર્ભે પણ આ બાબતે વિચારણા કરી શકાય. સંવત્સરીના દિવસે જૈન ધર્મીઓમાં હજારો લોકો પૌષધ વ્રત કરે છે. આ પૌષધમાં વાહનનો ઉપયોગ કરવાનો સંપૂર્ણ ત્યાગ હોય છે, એટલે કે, ઓઝોનના પદડાને ચીરી નાંખતા ધુમાડાના ગોટા ઉડાડવામાં ધરખમ ઘટાડો થાય છે.

પૌષધમાં સ્નાન કરવાનું હોતું નથી, પાણીની સમસ્યાની બુમરાડ ઓછી કરવાનું આ પ્રતિકાત્મક પગલું જાહેર જનતા ગણી શકે. પૌષધમાં ધર્મ સ્થાનની બહાર જવાનું હોતું નથી અને ગુરુની આજ્ઞા મુજબ જીવન જીવવાનું હોય છે, તે સ્થિરતા અને કહ્યાગરાપણું જેવા ગુણોના વિકાસની પ્રથમ પગધાર આ નિયમો બને છે. પૌષધમાં નાનામાં નાના જંતુની દયા પાળવાની હોય છે. તે માટે નીચે જોઈને ચાલવું, બોલતી વખતે મોઢે મુપતિ રાખવાનું જરૂરી હોય છે અરે પૌષધમાં જ્યાં પણ ફરવાનું હોય તો એ બધું જ ઈકો ફ્રેન્ડલી પર્યાવરણનું જતન કરવામાં સહાયક બને છે અને જે દેશને કે વિશ્વની વ્યાપક સૃષ્ટી માટે નુકશાનકારક છે એ છોડવાનું હોય છે. જો કે, જેનો પૌષધ વ્રત માત્ર આવા સ્થૂળ ઉદ્દેશથી નહીં, પણ આત્મ કલ્યાણના પવિત્ર ઉદ્દેશથી કરે છે. આત્મા છે જ, આત્મા પર રાગ-ધ્વેશ, મોહ જેવા દુર્ગુણોના કારણે કર્મો પણ બનેલા છે અને ધર્મની આરાધનાથી એ દૂર પણ થાય છે જ. સમજદાર જૈનો કદીપણ ગચ્છજાતની માથાકુટોમાં પડતા નથી. સમજદાર જૈનો માત્ર આત્મ કલ્યાણ અર્થે યથા શક્તિ ધર્મ સાધના કરતા રહે છે.

સંવત્સરીના દિવસે ખાસ કરીને બારસા સૂત્રનું શ્રવણ કરવાનું હોય છે. બારસો શ્લોક પ્રમાણ આ ધર્મ ગ્રંથ કલ્પસૂત્રોનું મૂળ સ્વરૂપ જ છે. સધર્મા ગાદી ભાષામાં શ્રી ભદ્રબાહુ સ્વામીનું નામન જૈનાચાર્યાશ્રી દ્વારા રચિત આ ગ્રંથનું શ્રમણ મહત્તમ સંખ્યામાં જૈન સમુદાય કરે છે. આ ઉપરાંત સાંજે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું હોય છે. ગણધર ભગવંતો રચિત ધર્મ સૂત્રોનું ઉચ્ચારણ અને તે મુજબની વિધિ કરવાનું આ પવિત્ર અનુષ્ઠાન વિશ્વભરના તમામ જૈનો આચરે છે. આ પ્રતિક્રમણ પૂર્ણ શ્રદ્ધાપૂર્વક કરનારા વ્યક્તિના વર્ષભરના પાપો મહદ્દઅંશે નષ્ટ થાય છે. સંવત્સરીના પ્રસંગને પામીને જૈન દેરાસરોમાં પણ વિશેષરૂપે સુશોભન ઠાઠ જોવા મળે છે. ભક્તિ ભાવના, ઉપાસના પણ શ્રેષ્ઠ કક્ષાની થાય છે.

આવા પૌષધના કારણે વ્યક્તિમાં ધર્મની લાગણીઓ દૃઢ બને છે અને ધર્મિષ્ઠ વ્યક્તિઓમાં પ્રગટેલી દયા, પરોપકાર, નિશ્વાર્થ ભાવના વગેરેથી જ જગતમાં ગરીબો-જરૂરિયાતમંદોના જીવનમાં અજવાળું પ્રગટે છે, એટલે કે વિશ્વની હાંસીયાની ધકેલાયી ગયેલી પ્રજામાં સમાજ જે પણ કાંઈ પણ થોડું ઘણું સતધર્મ કરે છે તેમાં ધર્મનો મહત્તમ ફાળો છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

ગણેશ ચતુર્થીના પાવન પર્વે શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી તથા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે રાજ્યના નાગરિકોને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી છે.

તેમના શુભ સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે ગણેશ ચતુર્થીનું પર્વ પરમ આસ્થા અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થી પર્વ સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ભ્રાતૃભાવને વધુ દૃઢ બનાવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનોને ગણેશ ચતુર્થી પર્વની શુભકામનાઓ પાઠવી છે.

વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીનું આ પર્વ હરેક પ્રકારના વિઘ્નો-સંકટો નિવારીને, ગુજરાતને પ્રગતિશીલ-વિકસીત, સુખી-સમૃદ્ધ અને શકિતશાળી બનાવશે એવી ગણેશચતુર્થીની શુભેચ્છા મુખ્યમંત્રીશ્રીએ આ પાવન પર્વ પ્રસંગે વ્યકત કરી છે.

સાતમા પગારપંચથી વંચિત બોર્ડ નિગમના કર્મચારીઓની સરકાર સામે નારાજગી

કોર્પોરેશનની ચુંટણી પર અસર વર્તાશે તેવી આડકતરી ચિમકી સાથે આગામી દિવસોમાં મહામંડળની બેઠકમાં લડત અંગે નિર્ણય લેવાશે

ગાંધીનગર તા ૯

ગુજરાત રાજ્ય બોર્ડ નિગમ સરકારી સાહસોનુ કર્મચારી મહામંડળના કર્મચારીઓ અધિકારીઓને સાતમુ પગાર પંચનુ એરિયર્સ અને ૨૦ જેટલા નિગમોને સાતમા પગાર પંચના લાભથી વંચિત રાખવામાં આવતા કર્મચારીઓમાં ઘોર નારાજગી પ્રવર્તી છે. આગામી દિવસોમાં આ મામલે તમામ મહામંડળના કર્મચારીઓ સાથે બેઠકનુ આયોજન કરી સરકાર સામે લડત આપવા માટે નિર્ણય લેવાશે તેમ પણ કર્મચારી મહામંડળે જણાંવ્યુ છે.

ગુજરાત રાજ્ય બોર્ડ નિગમ સરકારી કર્મચારી મહામંડળ રાજ્ય સરકાર દ્વારા તા ૧ જાન્યુઆરી વર્ષ ૨૦૧૬ થી સાતમા પગાર પંચની અમલવારી કરવામાં આવી છે. બોર્ડ નિગમના કર્મચારીઓ પણ સરકાર પાસે સાતમા પગારપંચની અમલવારી માટે માંગણી ઉઠાવી છે. રાજ્ય સરકારે તા ૧ ઓગષ્ટ વર્ષ ૨૦૧૭ થી સાતમા પગારપંચનુ રોકડમાં ચુકવણુ કર્યુ હતુ. જેમાં તા ૧ જાન્યુઆરી વર્ષ ૨૦૧૬ થી ૩૧ જુલાઇ વર્ષ ૨૦૧૭ સુધી ૧૯ મહીનાનુ એરિયર્સ સરકારના કર્મચારીઓને ચુકવણુ કરવામાં આવશે જયારે બોર્ડ નિગમને પણ એરિયર્સ ચુકવવા માટે પ્રક્રીયા હાથ ધરાશે. પરંતુ રાજ્ય સરકારે ભાગલા પાડોની નિતી અપનાવી હોવાનો રોષ કર્મચારી મહામંડળે વ્યકત કર્યો છે. જેમાં મંડળના પ્રમુખ પ્રવિણ એમ સુતરીયાએ જણાંવ્યા મુજબ અમુક બોર્ડ નિગમને સાતમુ પગાર પંચનુ ચુકવણુ કર્યુ છે જયારે કેટલાક બોર્ડ નિગમ ખોટ કરે છે અગર સામાજિક કલ્યાણ હેતુની કામગીરી કરે છે તેવુ કારણ બતાવી સાતમા પગાર પંચનો અમલ કર્યો નથી જેથી કર્મચારીઓમાં નિરાશા અને આક્રોશ પ્રવર્તયો છે.

સરકારે ૪ જેટલા બોર્ડ નિગમોન ૧૯ મહીનાના એરિયર્સનુ ચુકવણુ કરી બાકીના નિગમોને આજદીન સુધી આ ચુકવણી કરી નથી જેના લીધે કર્મચારીઓમાં ઉગ્ર રોષ પ્રવર્તયો છે. સરકારે ૧૧ ટકા મોંઘવારી ભથ્થાની પણ જાહેરાત કરી છે. ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણી ટાંણે આ જાહેરાત કરી કર્મચારીઓના રોષને દબાવવા પ્રયાસ કર્યો છે. પરંતુ બોર્ડ નિગમના લાખો કર્મચારીઓને ૧૯ મહીનાનુ એરિયર્સ ન મળતા અને સાતમુ પગાર ધોરણ ન મળતા સરકાર સામે નારાજગી વ્યાપી છે. જેની સીધી અસર આગામી કોર્પોરેશનની ચુંટણીમાં વર્તાશે તેમ પણ મહામંડળે જણાંવ્યુ છે. આગામી દિવસોમાં તમામ કર્મચારી મહામંડળોની બેઠક બોલાવી લડત અંગે નિર્ણય લેવાશે.

દહેગામમાં સ્વચ્છતા રેલી યોજાઇ

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા રેલીમાં દહેગામ નગર પાલિકાના પ્રમુખ પીનાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શશીકાંત અમીન, આરોગ્ય સમિતિના ચેરમેન કાજલબેન પટેલ સહિત વિવિધ સમિતિના ચેરમેન તથા હોદ્દેદારો અને ચીફ ઓફિસર જોડાયાં હતાં. આ ઉપરાંત દહેગામ શહેર સંગઠનના પ્રમુખ અમરીશભાઈ બારોટ, મહામંત્રી નિલેશભાઈ અમીન, યોગેન્દ્ર શર્મા સહિત અન્ય અગ્રણી નાગરિકો પણ સ્વચ્છતા રેલીમાં સામેલ થયાં હતા.

ઘ-૫ ફુડકોર્ટમાંથી બાળ મજૂર મળતાં સ્ટોલધારક વિરુદ્ધ ફરિયાદ

બાળ મજૂરી નાબૂદી ટાસ્ક ફોર્સે ચારભુજા ફૂડસ્ટોલધારક વિરુદ્ધ પોલીસ કેસ દાખલ કર્યો : ઘ-૫ ફુડકોર્ટ ખાતે વધુ બાળ મજુરો કાર્યરત હોવા છતાં એક જ બાળ મજુરનો કેસ કરી ભીનું સંકેલાયાની શંકા

ગાંધીનગર તા.૦૯

ગાંધીનગર જિલ્લા બાળ મજુરી નાબૂદી ટાસ્ક ફોર્સની ટીમને શહેરના સૌથી મોટા ખાણીપીણી બજારમાંથી એક માત્ર ૧૩ વર્ષીય બાળ મજૂર મળી આવતાં ફોર્સની કામગીરી સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. આ સાથે ટાસ્ક ફોર્સના અધિકારીએ ચાર ભુજા ફૂડ સ્ટોલનાં માલિક વિરુદ્ધ સેકટર-૨૧ના પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવીને સંતોષ માની લેવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સિવાય પણ શહેરની ચા નાસ્તાની લારીઓ, નાના મોટા ફૂડ સ્ટોલ માં પણ બાળ મજુરો કામ કરતા હોવાના અહેવાલો માધ્યમોમાં અનેકવાર પ્રસિદ્ધ થઈ ચુક્યાં છે.તાજેતરમાં જ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા બાળ મજુરી રચાયેલી ટાસ્ક ફોર્સ સમિતિના ચારેય તાલુકા અધિકારીઓ સાથે ગહન ચર્ચાના અંતે ટાસ્ક ફોર્સ અસરકારક કામગીરી કરે તેવી સૂચનાઓ આપવામાં આવી હતી. જે અન્વયે સહયોગ સંકુલ ગાંધીનગર કચેરી ખાતેના સરકારી શ્રમ અધિકારી તપનકુમાર હર્ષદભાઈ શાહ સહિતના અધિકારીઓની ટીમે ઘ-૫ ખાતે ફુડ કોર્ટમાં સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું. સાંજના સમયે હાથ ધરાયેલા ચેકીંગ દરમિયાન ટાસ્ક ફોર્સ ચાર ભુજા ફૂડ સ્ટોલ માં મજૂરી કરતો ૧૩ વર્ષીય કિશોર મળી આવ્યો હતો. તે સિવાય અત્રે આવેલા એકપણ ફૂડ સ્ટોલ પરથી મજૂરી કરતા બાળકો મળી આવ્યા ન હતા. જેનાં પરિણામે ચાર ભુજા સ્ટોલના ઈશારામ ભૂરાજી મેઘવાલ વિરુદ્ધ બાળ મજૂરી પ્રતિબંધિત ધારા હેઠળ સેકટર-૨૧ પોલીસ મથકમાં ગુનો પણ દાખલ કરાવી ટાસ્ક ફોર્સ દ્વારા સંતોષ માની લેવામાં આવ્યો છે.

ખૂણેખાંચરેથી

- અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘે આજે મનપાની ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ સમીક્ષા બેઠક યોજાઈ
- ગાંધીનગર શહેરમાં આજે સતત ધીમી ધારના વરસાદને લઈ જનજીવન થોડુક ખોરવાયુ હતુ.
- રાજ્યના આરોગ્ય કમિશનરે આજે વેક્સિનેશન અભિયાનને લઈ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાએ નભોઈ અને અમીયાપુર ગામમાં મિલ્કતોના સર્વેની કામગીરી હાથ ધરી છે.
- પંચાયત વિભાગના તપાસ અધિકારી અને જિલ્લાના પૂર્વ વિકાસ અધિકારી વિનય વ્યાસા આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજથી કચેરીઓમાં ત્રિ-દિવસીય વેકેશનનો આરંભ થતાં શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછુ હતુ.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીનું વાતાવરણ જામતુ જાય છે. આજે આ ચૂંટણીને પગલે શિક્ષક સંગઠનોની બેઠક પણ મળી હતી જેમાં મંડળના માન્ય ઉમેદવારોને વિજયી બનાવવાનો નિર્ણય લેવાયો હતો.
- ૧૧મી તારીખે ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓને લઈ ગ્રામ વિકાસ કમિશનરની કચેરી દ્વારા એક વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

સે. ૨ના બગીચામાં કરાઓકે મ્યુઝિકલ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તા.૦૯

કપરા કાળમાં લગભગ તમામ વયજૂથના નાગરિકો જેમાં ખાસ કરીને વડીલો સામુહિક મનોરંજનથી વંચિત રહી જવા પામ્યા છે. આ બાબતને અનુલક્ષીને સેકટર -૨ના નવનિર્મિત બગીચામાં ગુરુવારે સાંજે ઠાકર ઈવેન્ટ સુર આંગન મ્યુઝિકલ ગ્રુપના કલાકારો દ્વારા ફિલ્મી ગીતોની કરાઓકે પ્રસ્તુતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા કોરોના કાળના સમય દરમ્યાન મનોરંજનના કાર્યક્રમથી વંચિત રહી ગયેલા રસિક નાગરિકોને મનોરંજન પ્રાપ્ત થાય તે હેતુથી સિનિયર સિટીઝન ગૃપના અગ્રણી પ્રમોદભાઈ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક વડીલો સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન સુર આંગન મ્યુઝિકલ ગ્રુપના ભરતભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ૫૦ થી વધુ પ્રશિક્ષકોને અપાયું પ્રશિક્ષણ

ગાંધીનગર, તા. ૯

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગરના એફિલિએશન વિભાગ દ્વારા ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ વડનગર તથા પાલનપુર ખાતે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયું હતું. જેમાં યુનિવર્સિટીના વિષય-નિષ્ણાતોએ બે દિવસમાં ૫૦ થી વધુ શિક્ષકોને પ્રશિક્ષણ આપ્યું હતું. બંને દિવસ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહે ઉપસ્થિત રહીને 'યુનિવર્સિટીને જાણો વિષય' પર પ્રવચન આપ્યું હતું.

આખરી સત્રમાં કુલપતિ શાહે જણાવ્યું કે યુનિવર્સિટીનાં તપોવન કેન્દ્રો દ્વારા સગર્ભા મહિલાઓ માટે ઑનલાઇન વર્ગો પણ ચાલી રહ્યા છે. જેમાં સગર્ભા મહિલાઓ ઘરે બેસીને ગર્ભસંસ્કાર અંગેનું માર્ગદર્શન મેળવી રહી છે. તેમણે આત્મનિર્ભર ભારત અંતર્ગત રમકડાં નિર્માણની પ્રવૃત્તિઓમાં યુનિ.ની સામેલગીરીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં કહ્યું કે યુનિવર્સિટી દ્વારા એક રમકડાની પેટન્ટ પણ નોંધાવાઈ છે.

યુનિવર્સિટીના એફિલિએશન વિભાગ દ્વારા વિવિધ અભ્યાસક્રમો અંગે પ્રશિક્ષણ આપવા કુલપતિ હર્ષદ પ્ર. શાહની અધ્યક્ષતામાં, કુલસચિવ ડો. અશોકભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન થયું. વિભાગના અધ્યક્ષ ડેનિશા અગ્રાવતે મુખ્ય સંયોજક તરીકે સમગ્ર કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપ્યો, જ્યારે નિશાંત સોની સંયોજકની ભૂમિકામાં રહ્યા. યુનિવર્સિટીના વિવિધ વિષય-નિષ્ણાતોએ બંને દિવસમાં ૯ જેટલાં અભ્યાસકેન્દ્રોના ૫૦ થી વધુ પ્રશિક્ષકોને પ્રશિક્ષણ આપ્યું. યુનિવર્સિટીનાં કાર્યો અને પ્રકલ્પોને જાણવા બંને જિલ્લાના વિવિધ શાળાના આચાર્યો તેમજ શિક્ષકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

કોરોના જેવી ગંભીર બિમારીથી માતા-પિતા ગુમાવનારા

નિરાધાર બાળકોને ૧૮ વર્ષની વય સુધી બાળસેવા યોજનાનો લાભ અપાશે

ગાંધીનગર, તા. ૯

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે સ્પષ્ટપણે જણાવ્યું છે કે કોરોના કાળ દરમિયાન ગંભીર બિમારીથી માતા-પિતા ગુમાવનારા નિરાધાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ બાળકની વય ૧૮ વર્ષની થતા સુધી આપવાનું યથાવત જ રહેશે.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આવા નિરાધાર બાળકોના ભાવિને સુરક્ષિત રાખવાની સંવેદના સાથે જુલાઈ-૨૦૨૧ માં શરૂ કરેલી મુખ્યમંત્રી બાળ સેવા યોજના અન્વયે કોરોના કાળ દરમ્યાન કોરોના જેવી ગંભીર બિમારીથી માતા-પિતા બંન્નેનું મૃત્યુ થવાથી નિરાધાર બનેલા ૧૦૦૦ ઉપરાંત બાળકોને માસિક રૂ. ૪ હજારની સહાય ચુકવવામાં આવેલી છે.

માતા-પિતા બન્ને ગુમાવેલા ૧ હજાર બાળકોને માસિક ૪૦૦૦ ની સહાયનો લાભ અપાયો

મુખ્યમંત્રીએ એવો નિર્ણય પણ કર્યો છે કે, આવી બિમારીથી જો કોઈ બાળકના માતા કે પિતા બેમાંથી કોઈ એકનું મૃત્યુ થયું હોય તો તેવા બાળકને પણ માસિક રૂ. ૨ હજારની સહાય રાજ્ય સરકાર આપશે. આવા આશરે ૪ હજાર બાળકોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બાળક દીઠ રૂ. ૨ હજારની સહાય ગત તા.૨ ઓગસ્ટે રાજકોટ ખાતેથી ડી.બી.ટી. દ્વારા એટ વન કલીક સીધી જ બેંક એકાઉન્ટમાં સંપુર્ણ પારદર્શીતાથી ચૂકવી પણ આપી છે તેમ પણ ઈશ્વરભાઈ પરમારે ઉમેર્યુ હતું. આવી સહાય પણ બાળકની વય ૧૮ વર્ષની થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીએ જણાવ્યું કે રાજ્યમાં કોરોનાના કેસોમાં તા.૧૫ મી જૂન પછી ઉત્તરોત્તર ઘટાડો થતા અને તા.૩૦મી જૂન સુધીમાં કોરોના કેસ અને મૃત્યુ દર નહિવત થઈ જવાથી રાજ્ય સરકારે મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભ માટેની કટ ઓફ ડેઈટ તા.૩૦ જૂન-૨૦૨૧ નક્કી કરી હતી અને યોજનાનો લાભ મેળવવા માટે તા.૩૧મી ઓગસ્ટ-૨૦૨૧ સુધીમાં અરજી કરી શકવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે આવી આવેલી અરજીઓ પૈકી પાત્રતા ધરાવતા બાળકોના કિસ્સામાં બાળકના માતા-પિતાનું મૃત્યુ કોરોના અથવા કોરોના દરમિયાન કોઈ ગંભીર બિમારીને કારણે થયું હોય તેવા વધુ ૮ હજાર જેટલા બાળકોને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ આગામી ૧૭ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજકોટ ખાતેથી આવા બાળકોના બેંક એકાઉન્ટમાં ડી.બી.ટી.થી સહાય ચૂકવવામાં આવશે અને બાળકની વય ૧૮ વર્ષની તથા સુધી માસિક સહાય નિયમિતપણે અપાશે.

દોઢ ઈંચ વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાશાયી થઈ હતી. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૨૧૦ મી મી અલબત્ત ૮.૫ મી મી વરસાદ વરસ્યો છે. જો કે સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધી માંડ ૩૦ ટકા જેટલો વરસાદ થયો હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેર ઉપરાંત જિલ્લાના અનેક ઠેકાણે પણ મેઘમહેર થતા જનજીવને હાંશકારો અનુભવ્યો હતો. વરસાદના આગમનથી ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

હરખાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો તેમજ કેટલાકે તો વરસાદના વધામણા કરતા હોય તેમ મન મુકીને વરસાદનો આનંદ લુંટતા જોવા મળ્યા હતા.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગે આજે હવામાન-પૂર્વાનુમાનમાં જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૪મી સપ્ટેમ્બર સુધી વરસાદી માહોલ રહેશે. ૧૦, ૧૧, ૧૨ દરમ્યાન જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે.

૧૦ થી ૧૪ સપ્ટેમ્બર દરમ્યાન જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ થી ૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૮ થી ૯૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૪ થી ૨૫ કિ.મી. રહેવાની સંભાવના છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યું છે કે વરસાદ પડવાની સંભાવના હોઈ વાવેતર કરેલ પાકમાં ખેતીકાર્યો કે પિયત અને દવાનો છંટકાવ હાલ પૂરતો ટાળી દેવો.

જિલ્લામાં આજે થયેલા સાર્વત્રિક વરસાદ પછી હજુ પાંચ દિવસના વરસાદી માહોલના હવામાન-પૂર્વાનુમાનને લઈ ખેડૂતોમાં ખુશી બેવડાઈ છે.

સ્ક્રીનીંગ કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એસ.ટી. ડેપો ખાતે ૪૨૦૦ થી વધુ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. જ્યારે રેલ્વે સ્ટેશન ખાતે ૩૫૦ થી વધુ લોકોનું સ્ક્રીનીંગ તંત્રની ટીમો દ્વારા કરવામાં આવ્યુ છે.

શહેરમાં છેલ્લા થોડાક દિવસોથી કોરોનાના છુટા છવાયા કેસો પણ મળ્યા છે પરંતુ આ દર્દીઓ અન્ય રાજ્યના પ્રવાસે જઈ પરત ફર્યા હોવાની હકીકતો ધ્યાને આવતાં તંત્ર હવે વધુ સતર્ક બન્યુ છે અને આગામી દિવસોમાં આ સ્ક્રીનીંગની કામગીરીનો વિસ્તાર કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

તોફાની બેટીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નામના બાળકોને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અને અરૂણ નામના બાળકને દહેગામાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં સલકી અને પાટનાકુવા ગામે પણ એક ભેંસ અને એક બળદનું મોત થયાના અહેવાલો છે.

આ ઉપરાંત ચેખલાપગી ગામે એક મકાનના છાપરા ઉડી ગયા હતા અને તેમાં એક દિકરીને ઈજા પહોંચી હતી. જો કે દિકરી હાલ પ્રાથમિક સારવાર પછી તેના ઘરે જ છે.

પશુપાલન વિભાગના તબીબોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તાબડતોબ પોષ્ટ મોટર્મ સહિતની કામગીરી હાથ ધરી હતી.

૪૪ દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓગષ્ટના અંત સુધીમાં જિલ્લામાં સરેરાશ ૨૧૪ મી.મી. અર્થાત સિઝનનો ૨૭.૯૯ ટકા વરસાદ નોંધાયો હતો.

ઓછા વરસાદને પગલે એક તબક્કે જિલ્લાતંત્ર અને ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા હતા. પરંતુ છેલ્લા છ દિવસના વરસાદે બાજી પલ્ટી છે.

આજે સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૨૮૬ મી.મી. વરસાદ થઈ ચુક્યો હતો અને જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ ૩૭.૩૯ ટકા પર પહોંચ્યો છે.

જિલ્લામાં આજે થયેલા સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જિલ્લામાં આજે દિવસ દરમ્યાન સરેરાશ ૪૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં દહેગામમાં ૭૮, માણસામાં ૫૮, કલોલમાં ૨૬ અને ગાંધીનગરમાં ૧૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

અર્થતંત્રો માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. આ પહેલા તેમણે ૨૦૧૬માં ગોવામાં શિખર સંમેલનની અધ્યક્ષતા કરી હતી. જ્યારે આ ત્રીજીવાર છે કે ભારત ૨૦૧૨ અને ૨૦૧૬ બાદ બ્રિક્સ શિખર સંમેલનની યજમાની કરી રહ્યું છે.

પીએમએ કહ્યું કે બ્રિક્સે છેલ્લા બે દાયકામાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. આજે આપણે વિશ્વના ઉભરતા અર્થતંત્રો માટે પ્રભાવશાળી અવાજ છીએ. ફોરમ વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ ઉપયોગી રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું કે આપણે સુનિશ્ચિત કરવું પડશે કે આગામી ૧૫ વર્ષમાં બ્રિક્સ વધુ ઉત્પાદક બને. ભારતે પોતાની અધ્યક્ષતા માટે જે થીમ પસંદ કરી છે તે આ પ્રાથમિકતાને પ્રતિબિંબિત કરે છે. થીમ છે બ્રિક્સજ૧૫: સાતત્ય, એકત્રીકરણ અને સર્વસંમતિ માટે ઈન્ટ્રા-બ્રિક્સ સહયોગ.

તેમણે કહ્યું કે તાજેતરમાં પ્રથમ બ્રિક્સ ડિજિટલ હેલ્થ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટેકનોલોજીની મદદથી આરોગ્યની પહોંચ વધારવા માટે આ એક નવું પગલું છે. નવેમ્બરમાં, અમારા જળ સંસાધન મંત્રીઓ બ્રિક્સ ફોર્મેટમાં પ્રથમ વખત મળશે. આ બેઠકમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના રાજ્યોના વડાઓએ બેઠક યોજી હતી.

આ બેઠક એવા સમયે આયોજીત કરવામાં આવી હતી જ્યારે અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ નવી વચગાળાની સરકારમાં આવા ઘણા નામ સામેલ છે જે મોસ્ટ વોન્ટેડની યાદીમાં છે. જો કે, અપેક્ષાઓથી વિપરીત, આ બેઠક દરમિયાન અફઘાનિસ્તાન મુદ્દે કોઈ ખાસ ચર્ચા થઈ ન હતી.

મેટ્રોને આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંબાણીની તરફેણમાં પક્ષ રાખ્યો હતો. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વાર્ષિક અહેવાલ મુજબ આર્બિટ્રેશન ટ્રિબ્યુનલનો પુરસ્કાર, વ્યાજ સહિત, ૪૬.૬ અબજ (૬૩.૨ કરોડ ડોલર)થી વધુનો છે.

આ ચુકાદો અંબાણી માટે એક મહત્વની જીત છે કારણ કે તેમની ટેલિકોમ કંપનીઓ દેવાળિયામાં છે અને તેઓ દેશના સૌથી મોટા ધિરાણકર્તા દ્વારા દાખલ કરાયેલ વ્યક્તિગત દેવાળિયાનો કેસ લ